## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



પેલાને ફટકારજે... એ સંત કે કવી નથી.. લોકડાઉનથી વધી ગયેલા વાળ વાળો છે...

# કામ વિના ફરતા ૩૮ નાગરીકો સામે જાહેરનામાં ભંગનો ગુનો નોંધાયો

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરી - ગ્રામીણ વિસ્તારમાં લોકડાઉનની કડક અમલવારી થાય તે માટે પોલીસ સતત કામ કરી રહી છે. પોલીસે રાઉન્ડ ધ કલોક પેટ્રોલીંગ અને ડ્રોન કેમેરાની મદદ લઈને શહેર અને ગ્રામીણ વિસ્તારમાં કામ વિના બહાર આંટાફેરા મારતા નાગરીકો સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. ત્યારે એક દિવસ માં ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં બહાર ફરતા ૩૮ નાગરીકો પોલીસને ઝપટે ચડી ગયા હતા. ચિલોડા પોલીસે આલમપુર ગામમાંથી ૩, મહુન્દ્રા ગામમાંથી ૫, ઈસનપુરમાંથી ૫, રાયપુર બસ સ્ટેન્ડ પાસેથી ૨, રાયસણ ગુડા આવાસમાંથી ટોળુ વળીને બેઠેલા ૪ નાગરીકો સામે કાયદેસરની કાર્યવાહી કરી છે.

તો બીજીતરફ ડ્રોન કેમેરાની મદદથી સે-૨૧ પોલીસે સે-૨૪ અંબિકા એપાર્ટમેન્ટ પાસેથી ૩, સે-૨૪ ડબલડેકરમાં વિવિધ જગ્યાએથી ૮, સે-૨૪ શ્રીનાથજી ચોક પાસેથી ૪, સે-૨૧ હનુમાન મંદિર પાસેથી ૩ નાગરીકો પકડાયા હતા. લોકડાઉનમાં હજુ પણ કેટલાક નાગરીકો બિન જરુરી ફરી રહ્યા છે ત્યારે હવે આ પ્રકારે ફરતા નાગરીકો સામે પોલીસ કડક કાર્યવાહી કરશે.



સેકટર-૭માં રોગપ્રતિકારક શકિત વધારતા ઉકાળાનું વિતરણ અવિરતપણે ચાલી રહ્યું છે. ઘરે ઘરે જઈ ઉકાળાનું વિતરણ સેવાભાવી યુવાનો દ્વારા કરવામાં આવી રહ્યું છે.

# સલામ છે..માતાને અગ્નિદાહ આપી ફાયર જવાન રાત્રે ફરજ પર આવ્યો...

ગુજરાતમાં પણ કોરોનાએ અજગરી ભરડો લેવાનું શરુ કર્યું છે. રાજયમાં કોરોનાના પોઝીટીવ કેસની સંખ્યા એક હજારની પાર કરી ગઈ છે. કોરોના સંક્રમણ અટકાવવા માટે લોકડાઉન કરવામાં આવ્યું છે. ત્યારે પોલીસ તંત્ર, આરોગ્ય કર્મચારીઓ સાથે ફાયરના કર્મચારીઓ પણ વિવિધ સ્થળે દવાનો છંટકાવ અને સેનેટાઈઝેશનની કામગીરી રાત દિવસ કરી રહ્યા છે. ત્યારે આવી કપરી પરિસ્થિતિ વચ્ચે ગાંધીનગર ફાયર અને ઈમરજન્સી સર્વિસમાં ઈન્ચાર્જ જમાદાર તરીકે ફરજ બજાવતા ગૌતમ પટેલના માતાનું ગતરોજ દુઃખદ નિધન થયુ હતુ. ત્યારે આ યુવાને માતાના પાર્થિક દેહને અગ્નિદાહની ધાર્મિક વિધી પૂર્ણ કરીને એ જ દિવસે હાલમાં ચાલી રહેલ કોરોનાની મહામારીને ધ્યાને રાખીને આમ નાગરીકોની આરોગ્ય સુખાકારી સંલગ્ન



અભિયાનમાં જોડાઈ રાત્રે જ પોતાની ફરજ પર હાજર થઈ ગયો હતો. આ યુવાનની ફરજ નિષ્ઠાને રાજયના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ બિરદાવી છે. આ ઉપરાંત ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ અને સ્ટે.કમિટિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાએ પણ કોરોના જેવી મહામારીના સંજોગોમાં માતા ગુમાવ્યા બાદ એ જ દિવસે આમ નાગરીકોની સેવા માટે ફરજ પર હાજર થયેલા યુવાનની પીઠ થાબડી હતી. ગાંધીનગર ફાયર ચીફ ઓફિસર મહેશ મોડે પણ આ તબક્કે જણાવ્યું હતું કે વર્ષોથી ફાયર બ્રિગેડની ટીમમાં ફરજ બજાવતા ગૌતમ પટેલ પોતાની કામગીરી ખુબ જ ગંભીરતાથી નિભાવી રહ્યા છે. તેમના માતાના મૃત્યું બાદ કપરા સંજોગોમાં પણ તેમણે ફરજ નિષ્ઠા દાખવી તે સૌ કોઈ માટે પ્રેરણાદાયી અને ઉદાહરણીય બની રહેશે.

# મહારાષ્ટ્રથી પરત ફરેલા આધેડ પાલજ પાટીયાથી ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસે અફડાતફડી મચાવી છે. ભારત અને ગુજરાતમાં પણ કોરોનાએ અજગરી ભરડો લીધો છે. રાજયમાં કોરોનાના એક હજારથી વધુ કેસ સામે આવ્યા છે. ત્યારે કોરોનાના સંક્રમણને અટકાવવા માટે ભારતભરમાં લોકડાઉનની પરિસ્થિતિ છે. શહેર અને જિલ્લામાં આવન-જાવન કરતા દરેક નાગરીક પર પોલીસની નજર છે. કામ વિના બહાર ફરતા નાગરીકોને પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે ગાંધીનગરમાંથી મહારાષ્ટ્ર ભુસાવળ ખાતે જમાતની કથામાં ગયેલા ત્રણ વ્યકિતઓને અત્યાર સુધી પકડીને કાયદેસરની કાર્યવાહી કરાઈ છે. ત્યારે ચિલોડા પોલીસે આજે બપોરના સુમારે પાલજ ગામના પાટીયા નજીકથી આલમપુરના ઈન્દીરાનગર ખાતે રહેતા ૬૮ વર્ષિય ઈસ્માઈલભાઈ ભીખાભાઈ મનસુરીને પકડી પાડ્યા હતા.

તેઓ ભુસાવળ ખાતે જમાતની કથામાં ગયા હતા. પરંતુ સમગ્ર રાજયમાં હાલ લોકડાઉનની પરિસ્થિતિ છે ત્યારે મહારાષ્ટ્ર થી તેઓ ગાંધીનગર ખાતે કેવી રીતે પહોંચ્યા અને આવી ગયા તો તંત્રને જાણ કર્યા વિના ઘરે કેમ જઈ રહ્યા હતા. તે તમામ બાબતોની પોલીસ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવી છે. પોલીસે તેમની સામે જાહેરનામા ભંગ અને એપેડેમીક ડીસીઝ એકટ મુજબ ગુનો નોંધ્યો છે. હાલ તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે મેડીકલ ચેકઅપ માટે મોકલી આપ્યા છે. જયાં તેમનો કોરોના નો રીપોર્ટ પણ કરવામાં આવશે.

## છત્રાલ ગામના શ્રમિકોને જિલ્લા કોંગ્રેસ દ્વારા રાશન પુરૂ પડાયુ

કોંગ્રેસના રાષ્ટ્રિય અધ્યક્ષા શ્રીમતી સોનિયા ગાંધી, મહાસચિવ શ્રીમતી પ્રિયંકા ગાંધી-વાડ્રા, પ્રભારી રાજીવ સાતવના નિર્દેશથી ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અમિતભાઈ ચાવડાની સુચનાથી ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સૂર્યસિંહ ડાભી, કલોલ ધારાસભ્ય બળદેવજી ઠાકોર દ્વારા કલોલ તાલુકાના છત્રાલ ગામે મુશ્કેલીમાં મુકાયેલાં મુળ ઉત્તરપ્રદેશના ચંદોલી જિલ્લાના ૧૨ જેટલા શ્રમિક પરિવારોને તાબડ્તોડ ૨૦ દિવસ ચાલે એટ્લુ જરુરી રાશન, સેનિટાઇઝર, માસ્ક્ તેમજ જીવન જરૂરી ચીજ વસ્તુઓ પહોંચાડી હતી.

# આશ્રય છાવણીમાં શ્રમિકો રમતો અને ગીત ભજનો ગાઈ વાતો કથન કહી દિવસ પસાર કરે છે

## સે. ૨૩ના કડી સર્વ વિદ્યાલય સંકુલમાં લોકડાઉન વચ્ચે પણ સંકુલ આનંદ સાથે ભર્યુ ભર્યુ ભાસે છે

ગાંધીનગર, તા. ૧૯

આનંદ અને છતાંય ચિંતાને દબાવી દિવસ પસાર કરવાની અનોખી કળા ગાંધીનગર શહેરના સે. ૨૩માં આવેલ કડી સર્વ વિદ્યાલય સંકુલમાં ઉભી કરાયેલ શ્રમિક છાવણીમાં જોવા મળી.

આ છાવણીમાં હાલ ૧૯૦ જેટલા





શ્રમિકોને રાખવામાં આવ્યા છે. આ શ્રમિકો સવારે વહેલા ઉઠી જાય છે. નાહી ધોઈ અને ભગવાનને પ્રાર્થના કરે છે.

આ પછી ચા-નાસ્તો કરી પોતપોતાના રૂમોમાં પાછા જતા હોય છે પણ આ સમયમાં તેઓ ચેસ, કેરમ જેવી રમતો રમે છે. એટલુ જ નહિ કેટલાક શ્રમિકો તંત્ર દ્વારા પુરા પડાયેલા પુસ્તકોનું વાંચન કરે છે.

બપોર જમી અને આરામ કર્યા બાદ સાંજના ૪ થી ૫ વાગ્યાની આસપાસ આ શ્રમિકો તેમના રૂમમાંથી બહાર આવી પરંપરાગત રમતો નાગોલચુ, દડાફેંક તો ક્યારેક ક્યારેક ચેસ અને કેરમ પણ રમતા જોવા મળે છે.

આ શ્રમિકોને અહિ ફરજ પર મુકાયેલ શિક્ષિકાઓ તેમને વાર્તાઓ પણ કહે છે અને ભજન તેમજ ભક્તિગીતોનું ગાન પણ કરાવે છે.

આ શ્રમિકો સાંજે ૬ વાગ્યા પછી એક પછી એક ઉભા થઈ અને વાર્તાકથન કરે છે તો સંગીત સંધ્યાની પણ અભિવ્યક્તી કરી આનંદ લૂંટે છે. સાંજે પાછા ભોજન લીધા બાદ બધા પોતાના રૂમમાં જાય છે.

રૂમમાં જતા પહેલાં પુછે કે હવે લોકડાઉન ક્યારે પુરૂ થશે ? અમારે પરિવાર પાસે જવુ છે - રજા ક્યારે આપશો જેવા પ્રશ્નો ફરજ પરના અધિકારીઓને પુછે છે અને તેમની ચિંતાઓ પણ વ્યક્ત કરે છે.

આ શ્રમિકોમાં કેટલાક રંગકામના શ્રમિકો છે તે કેટલાક સીરામીક ઈન્ડસ્ટ્રીઝ સાથે સંકળાયેલા છે તો કેટલાક કન્સ્ટ્રક્શન સાઈટ પર કડિયાકામ કરનારા છે.

રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશના આ રહીશો છે. જો કે તેઓ ચાલીને જતા હતા ત્યારે તંત્રએ તેમને અટકાવી અને છાવણીમાં રાખ્યા છે.

નવરાશની પળોમાં તેઓ હેન્ડીક્રાફ્ટની પણ કેટલીક પ્રવૃત્તિ કરતા હોય છે. આ ઉપરાંત કેટલાક કલરકામના તેમના અનુભવોનું વર્ણન પણ કરે છે. ખરેખર ચિંતાના ભાર વચ્ચે પણ આ શ્રમિકો નિર્દોષ આનંદ સાથે દિવસ પસાર કરે છે.

સમગ્ર સંકુલનું તંત્ર દ્વારા સેનીટાઈઝેશન પણ કરવામાં આવ્યુ છે. સંકુલ શ્રમિકોના આનંદના કોલાહલથી આમ તો ભર્યુ ભર્યુ લાગે છે.

આ શ્રમિકોને તંત્ર દ્વારા રોજ સવારે ઉકાળાનું વિતરણ થાય છે તેમજ મેડિકલ સ્કીનીંગ પણ થતુ રહે છે. તંત્રના અધિકારીઓ, કર્મયોગીઓ અહિ સતત તેમની વચ્ચે પરિવારના સભ્યો હોય તે રીતે ભળી અને તેમની ચિંતાઓને હળવી કરવાનો પ્રયાસ કરે છે.

# ખેડૂતો કોરોનાથી ભયમુક્ત : સમર સિઝનમાં ૮.૯૧ લાખ હેક્ટર વિસ્તારમાં ક્રોપનું વાવેતર

ટાઈમ લાઈન - ગૌતમ પુરોહિત

કોરોના વાયરસના સંક્રમણ સમયમાં રાજ્યના કૃષિ વિભાગના આંકડા દર્શાવે છે કે ગયા વર્ષ કરતાં ઉનાળું વાવેતરનો વિસ્તાર વધ્યો છે તેથી પાક ઉત્પાદન પણ બમ્પર થાય તેવી સંભાવના છે. ૧૩મી એપ્રિલની સ્થિતિએ ગુજરાતમાં ૮,૯૧,૪૮૨ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે જે સામાન્ય એવરેજના ૧૧૭.૫૧ ટકા છે. ગયા વર્ષે ઉનાળું પાક ૬,૬૨,૬૬૯ હેક્ટર વિસ્તારમાં લેવામાં આવ્યા હતા, જ્યારે નોર્મલ વાવેતર વિસ્તાર ૭,૫૮,૬૬૯ હેક્ટર છે. એટલે કે નોર્મલ વાવેતર વિસ્તાર કરતાં આ વર્ષે વાવેતર વિસ્તાર વધ્યો છે. રાજ્યમાં અનાજનું વાવેતર ૩,૧૨,૨૨૮ હેક્ટર વિસ્તારમાં થયું છે જે ૧૦૪.૫૯ ટકાનો વિસ્તાર દર્શાવે છે. ઉનાળું વાવેતરના અનાજમાં

## વિશ્વમાં કોરોના અને સૂર્યગ્રહણ : ૨૬મી ડિસેમ્બરે ઉદય થયો અને ૨૧ જૂને ધીમે ધીમે અસ્ત થશે

જુવાર, બાજરી અને મકાઈનો સમાવેશ થાય છે. ખેડૂતોએ બાજરીનું વાવેતર ૨,૫૧,૭૪૩ હેક્ટર વિસ્તારમાં કર્યું છે. કઠોળનું વાવેતર ૫૫૨૮૫ હેક્ટર વિસ્તારમાં છે જે ગયા વર્ષે માત્ર ૨૫,૬૮૬ હેક્ટર વિસ્તારમાં હતું. ગુજરાતના ખેડૂતોએ કઠોળમાં મગ અને અડદનો પાક લીધો છે. ઓઈલસીડ્સમાં મગફળીનું ઉનાળું વાવેતર ૫૭,૨૭૧ હેક્ટરમાં જોવા મળ્યું છે જે ગયા વર્ષની સરખામણીએ ૧૧૪.૪૬ ટકાનો વધારો છે. જો કે ઓઈલસીડ્સમાં કુલ વાવેતર વિસ્તાર ૧,૧૩,૭૭૨ હેક્ટર થયો છે જે નોર્મલ વાવેતર કરતાં ૧૬૫.૪૦ ટકા વિસ્તાર આવરી લે છે. આ ઉપરાંત અન્ય પાકો પૈકી ડુંગળીનું વાવેતર ૭૬૧૦ હેક્ટરમાં થયું છે જે ગયા વર્ષે માત્ર ૧૮૧૧ હેક્ટરમાં હતું. શેરડીના વાવેતરમાં કોઈ ફરક નથી. આ વર્ષે પણ ૪૩૨૭ હેક્ટર વિસ્તારમાં વાવણી થયેલી છે. શાકભાજીના પાકોમાં ૧૦૩.૫૫ ટકાનો વધારો છે. આ વર્ષે ૮૪,૬૦૦ હેક્ટરમાં શાકભાજીની વાવણી થયેલી છે. ઘાસનું વાવેતર ૩,૦૮,૬૪૧ હેક્ટર વિસ્તારમાં થયું છે, જે ગયા વર્ષે ૨,૫૬,૦૬૬ હેક્ટર વિસ્તારમાં હતું. ગુવારગમનો વિસ્તાર ઘટ્યો છે. ગયા વર્ષે ૩૦૯૪ હેક્ટર વિસ્તારમાં પાક થયો હતો જ્યારે આ વર્ષે ૧૬૮૬ હેક્ટરમાં થવાનો અંદાજ છે. અન્ય ક્રોપમાં વાવેતર વિસ્તાર ૩૩૩૩ હેક્ટર છે.

**● કોરોનાનો ઉદ્દભવ અને અસ્ત સૂર્યગ્રહણ છે...**

વિશ્વના દેશોમાં દેશોમાં ચીન પછી ફેલાયેલા કોરોના વાયરસના સંક્રમણે લોકોની નિંદર હરામ કરી દીધી છે. ચારેબાજુ ભયનો માહોલ છે. આ મહામારી પર કાબૂ લેવા માટે વિશ્વભરના મેડીકલ તજજ્ઞો અને વૈજ્ઞાનિકો સંશોધન કરી રહ્યાં છે, પરંતુ જે દેશ દવા કે રસી શોધશે તે ''માલામાલ'' ચોક્કસ થઈ જશે, કારણ કે તેની દવા કે રસીની માંગ વિશ્વના તમામ દેશોમાં રહેવાની છે. કોરોનાથી વિશ્વને છૂટકારો ક્યારે મળશે. આપણને ક્યારે નોર્મલ લાઈફ જીવવા મળશે. લોકો પોતાના ધંધા-રોજગાર ક્યારે શરૂ કરી શકશે. અટકેલા પ્રવાસના આયોજનો ક્યારથી શરૂ કરી શકાશે. બાળકો સ્કૂલમાં ક્યારથી જઈ શકશે. આવા અનેક સવાલો લોકોના મનમાં ઘૂમરાયા કરે છે. અમરેલીના ખગોળવેત્તા જયપ્રકાશ માઢક કહે છે કે – વિશ્વની સાથે ભારતમાં કોરોનાના કેસો ૪થી મે પછી ઓછા થવાનું શરૂ થશે અને ૨૧મી જૂન પછી કેસોમાં રાહત થશે. તેમણે કહ્યું હતું કે ૨૬મી ડિસેમ્બર ૨૦૧૯ના સૂર્યગ્રહણ પછી ચીનમાં મહામારી શરૂ થઈ હતી પરંતુ હવે ૨૦૨૦માં આવી રહેલી ૨૧મી જૂનના સૂર્યગ્રહણ પછી લોકોને હળવાશ થઈ શકે છે. આ સમયગાળા દરમ્યાન કોરોના વિરૂદ્ધની રસી કે દવાની શોધ પણ શક્ય છે. ૨૧મી જૂને ગુરૂ અને શનિ મકર રાશિથી છૂટા પડે છે તેનો પણ ફાયદો થઈ શકે છે, જો કે ચીનમાં કુદરતી આપત્તિ કે મહામારી દિવાળી સુધી ચાલી રહે તેવી શક્યતા છે. એ ઉપરાંત ૪થી મે થી શનિ અને મંગળનો અંગારક યોગ પૂર્ણ થાય છે અને ૧૧મી મે થી ૧૫મી મે દરમ્યાન શનિ, શુક્ર અને ગુરૂ વક્રી થવાના છે તેથી મહામારી ધીમી પડે તેવી આશા છે.

**● ભલે દવા ન હોય, રોગ પ્રકિકાત્મક શક્તિ વધારો...**

કોરોનાની મહામારીના સમયમાં એલોપથી સાથે આયુર્વેદ અને હોમિયોપથી દવાઓનું સેવન કરવાથી ફાયદો થાય છે તેવું ભારત સરકાર માને છે. સરકાર એવો દાવો કરતી નથી કે આ બન્ને પદ્ધતિથી કોરોના પોઝિટીવ દર્દીઓમાં ફાયદો થશે પરંતુ રિપોર્ટ પોઝિટીવ ન આવે તે માટે શરીરની રોગ પ્રતિકાત્મક



શક્તિ વધારવા તે પ્રયોગ કરવા જરૂર છે. ભારત સરકારના આયુષ મંત્રાલયના આદેશ પછી ગુજરાતમાં આયુર્વેદ અને હોમિયોપથી દવાઓને રોગ પ્રતિકાત્મક શક્તિ માટે માન્યતા આપવામાં આવી છે. કોઈપણ તંદુરસ્ત વ્યક્તિ આ દવાઓ લઈ શકે છે. રાજ્યમાં અત્યાર સુધી ૫૬૮ સરકારી આયુર્વેદ દવાખાના અને ૩૮

## ડાયાબિટીસના પેશન્ટને રાહત મળે અને સ્યુગર નોર્મલ રહે તેવો એક ઘરગથ્થું સફળ પ્રયોગ

હોસ્પિટલમાંથી અમૃત પેયનું વિતરણ ૮૦ લાખ લોકોને કરવામાં આવ્યું છે. એવી જ રીતે ૨૭૨ જેટલા હોમિયોપથી દવાખાનામાંથી આર્સેનિકમ આલ્બમ-૩૦નું ૪૫ લાખ લોકોને વિતરણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં જે વ્યક્તિ ક્વોરેન્ટાઈન થયેલી છે તેઓ પણ રોગ પ્રતિકાત્મક શક્તિ વધારવાનો ઉપાય કરી શકે છે. આયુર્વેદમાં કહ્યું છે કે કોરોના વાયરસના સંક્રમણને અટકાવવા અને રોગ પ્રતિકાત્મક શક્તિ વધારવા સંશમની વટીની બે- બે ગોળી દિવસમાં બે વાર સાત દિવસ સુધી લેવાની હોય છે. દશમૂલ કવાથ, પથ્યાદિ ક્વાથ (૪૦ એમએલ) અને ત્રિકુટ ચૂર્ણ બે ગ્રામ દિવસમાં બે વાર સાત દિવસ સુધી લેવાનું હોય છે, જ્યારે આર્સેનિકમ આલ્બમ-૩૦ પોટેન્સી ચાર ગોળી દિવસમાં બે વાર ચાર દિવસ સુધી લેવાની હોય છે.

**● કોરોનામાં પ્લાઝમા થેરાપી આશાનું એક કિરણ...**

કોરોનાથી સાજા થયેલા કોઈપણ પેશન્ટના લોહીના પ્લાઝમા દાખલ થયેલા પેશન્ટને આપવામાં આવે તો તેની તબિયતમાં સુધારો જણાય છે. પ્લાઝમા થેરાપી વર્ષો જૂની છે પરંતુ તેને અત્યારે ફરીથી પ્રયોગમાં લેવામાં આવી છે. ચીન, અમેરિકા અને બ્રિટન પછી ભારતના કેરાલા અને મહારાષ્ટ્રની સરકારોએ પ્લાઝમા થેરાપીથી કોરોના પેશન્ટની ટ્રીટમેન્ટ શરૂ કરી છે. હવે ગુજરાત પણ તે દિશામાં આગળ વધ્યું છે. કોન્વાલેસેન્ટ પ્લાઝમા થેરાપીમાં જે દર્દીઓ કોરોનાથી સાજા થયા છે. તેમના લોહીમાં રહેલા પ્લાઝમાને અલગ તારવીને કોરોનાથી પીડાતા દર્દીમાં ઈન્જેક્ટ કરવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ એ છે કે, જે પ્લાઝમાના કારણે ભૂતકાળમાં જે દર્દી સાજો થયો તેની જ મદદથી વર્તમાન દર્દીના પ્લાઝમા જોડાઈ જાય અને રોગપ્રતિકારક શક્તિ ઝડપી વધી જાય. આ રીતે કોરોનાનું ઈન્ફેક્શન વધતું અટકાવી શકાય અને અન્ય દર્દી પણ સાજા થઈ જાય. એન્ટિબોડીઝ કે રોગપ્રતિકારક તત્ત્વો કે જે લોહીમાં રહેલા પ્રોટીન છે તેઓ બેક્ટેરિયા અને વાઈરસ સામે લડતા હોય છે. કોરોના જેવા સંજોગોમાં જ્યાં સારવાર માટે રસી શોધાઈ નથી ત્યારે ડોક્ટર્સ અને સાયન્ટિસ્ટ દ્વારા કોન્વાલેસેન્ટ પ્લાઝમા થેરાપીને યોગ્ય માનવામાં આવી રહી છે. પેરિસથી પાછી આવેલી અમદાવાદની સ્મૃતિ ઠક્કર કોરોનાની પેશન્ટ હતી અમદાવાદની એસવીપી હોસ્પિટલમાં તેણીએ ૧૭ દિવસની સારવાર પછી સ્વસ્થ થઈ હતી. સ્મૃતિ ઠક્કર એ ગુજરાતની પ્રથમ પ્લાઝમા ડોનર બની છે. તેણીના એન્ટી કોરોના સેલ બીજા બે થી ત્રણ દર્દીમાં ઈમ્પાન્ટ કરવામાં આવશે અને પરિણામ જોવાશે.

**● સ્યુગરના પેશન્ટ માટે ઉત્તમ આયુર્વેદિક પ્રયોગ...**

ભારતમાં ડાયાબિટીસના દર્દીઓની સંખ્યા ૧૦ કરોડથી વધારે છે જ્યારે ગુજરાતમાં તે આંકડો ૫૦ લાખ સુધી પહોંચી ગયો છે. ખાનપાન અને રહેણીકરણીમાં ફેરફાર ઉપરાંત ટેન્શનયુક્ત જીવનના કારણે સ્યુગરના દર્દીઓની વધી રહ્યાં છે. તબીબી આંકલન પ્રમાણે ડાયાબિટીસના એક દર્દી પાછળ મહિને ૧૫૦૦ રૂપિયા સુધીનો ખર્ચ થાય છે. એકલા ગુજરાતમાં સ્યુગરની દવાનું બજાર ૪૦૦૦ કરોડ રૂપિયાનું છે ત્યારે આ સમયે કેટલાક આયુર્વેદિક નુસખા દર્દીને કામ લાગે છે. ભલે ડાયાબિટીસ મટે નહીં પરંતુ સ્યુગરનું સેવલ સમતોલ કરે છે. રાજ્યના આરોગ્ય વિભાગના પૂર્વ અધિક મુખ્યસચિવ ડો. એસકે નંદા કહે છે કે – સ્યુગરને કન્ટ્રોલ કરતી એવી તમામ વનસ્પતિ લેવામાં કંઈ ખોટું નથી. આયુર્વેદાચાર્યની સલાહ પ્રમાણે તમાલપત્ર, મેથી, બીલીપત્ર અને આમળાનો પાવડર (પ્રત્યેક ૧૦૦ ગ્રામ), ૫૦

## શાકભાજીમાં એક એવી વનસ્પતિ કે જેના પ્રત્યેક અંગ ઉપયોગી છે, ૩૦૦ જેટલા રોગ મટે છે

ગ્રામ હળદર અને ૧૫૦ ગ્રામ જાંબુના પાવડરનું મિશ્રણ દરરોજ સવારે ભૂખ્યા પેટે એક ચમચી પાણી સાથે લેવાથી ચોક્કસ ફાયદો થાય છે. આપણાં ઔષધ ઘરમાં જ પડ્યાં હોય છે પરંતુ તેનો યોગ્ય પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો નથી તેથી રોગ ધરાવતા દર્દી પાછળ આપણે વર્ષે દહાડે હજારો રૂપિયા ખર્ચી કાઢીએ છીએ અને એલોપથીની વિવિધ દવાઓની આડઅસરનો ભોગ બનીએ છીએ. આયુર્વેદના આ પ્રયોગનો ફાયદો રાજ્યના અસંખ્ય દર્દીઓને થયો છે.

**● એક એવી વનસ્પતિ જેના બધાં અંગો કામના છે...**

આયુર્વેદમાં સરગવાના ઉપયોગથી એક નહીં ૩૦૦ રોગ સામે ફાયદા હોવાનું નોંધાયું છે. દક્ષિણ આફ્રિકાના ઘણાં દેશોમાં કુપોષણથી પિડાતા લોકોને સરગવાની શીંગ આપવામાં આવે છે. આ એક એવી વનસ્પતિ છે કે જેની છાલ, પાંદડા, ફુલ, જડ અને શીંગો એમ બધું કામ લાગે છે. આ વનસ્પતિમાં ઓલિક એસીડ ભરપૂર છે. એ ઉપરાંત વિટામીન-સી, કેલ્શિયમ, પ્રોટીન, વિટામીન-એ, ફાઈટોકેમિકલ કમ્પાઉન્ડ, મેંગેનીઝ, મેગ્નેશિયમ, ફાઈબર્સ, એલ્કેનોયડ, જિંક અને આયર્ન પ્રચૂર માત્રામાં છે. સરગવાના સેવનતી હાડકાં મજબૂત થાય છે. સ્પર્મનું પ્રમાણ વધારે છે. વજન ઉતારવામાં ગુણકારી છે. રોગ પ્રતિકારક શક્તિ આપે છે. શરીરના સાંધાના તમામ દુખાવા દૂર કરે છે. પ્રસૂતા પછીની નબળાઈ દૂર કરે છે. બ્લડસ્યુગર લેવલ અને કોલેસ્ટ્રોલ કન્ટ્રોલ કરે છે. કેન્સર પ્રતિરોધક છે. પથરીના રોગમાં રાહત આપે છે. થાઈરોઈડનો સ્ત્રાવ ઓછો કરે છે. હેર ટોનિક છે. ત્વચા રોગ પણ મટે છે. શરીરની કોષિકાઓ માટે ગુણકારી છે. આયુર્વેદ કહે છે કે સરગવાના નવા ફુટેલા લાઈટ ગ્રીન પાન સૌથી વધુ ફાયદારૂપ છે. પાનમાંથી સૌથી વધુ હિમોગ્લોબિન મળે છે.

**● આજથી ગુજરાત ત્રણ ઝોનમાં વહેંચાઇ જશે...**

ગુજરાતમાં કોરોના પોઝિટીવના આંકડા વધી રહ્યાં છે. ગુજરાત હવે ૧૦૦૦ પ્લસની ક્લબમાં આવી ચૂક્યું છે. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન પ્રમાણે ગુજરાતમાં હવે હોટસ્પોટ વિસ્તારોમાં એટલે કે મુખ્ય શહેરોમાં મોટાભાગના વિસ્તારો રેડ ઝોનમાં આવી ગયા છે, જ્યાં લોકડાઉનનો સજ્જડ અમલ ચાલુ રહેશે. રાજ્યમાં બીજો ઝોન ઓરેન્જ છે. આ વિસ્તારોમાં લોકડાઉનમાં થોડી છૂટછાટ આપવામાં આવેલી છે, જ્યારે ત્રીજો ગ્રીન ઝોન છે કે જે વિસ્તારોમાં કોરોના પોઝિટીવના આંકડા સ્થિર છે અથવા તો કોરોના પોઝિટીવના દર્દીઓ નથી ત્યાં ઉદ્યોગ અને વાણિજ્યિક છૂટછાટ આપવામાં આવેલી છે. જો કે ઓરેન્જ અને ગ્રીન ઝોનના વિસ્તારો રેડ ઝોનમાં ફેરવાઈ જાય નહીં તે માટે પોલીસની તકેદારી રાખવાની સલાહ પણ આપવામાં આવેલી છે. ઝોનનો અમલ રાજ્યમાં ૨૦મી એપ્રિલથી શરૂ થશે.